કોરોના બેલગામ : રાજ્યમાં ૨૩,૧૫૦ નવા કેસ

ગાંધીનગર,તા.૨૨

ગુજરાતમાં કોરોનાએ ફરી એકવાર ફૂંફાડો માર્યો છે. રાજ્યમાં આજે નવા ૨૩,૧૫૦ નવા કેસ આવ્યા છે. તો બીજી તરફ ૧૦,૧૦૩ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૯,૦૫,૮૩૩ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોના રિકવરી રેટ પણ ઘટીને ૮૬.૬૦ટકાએ પહોંચી ચુક્યો છે. રાજ્ય સરકાર કોરોના રસીકરણ મુદ્દે પણ મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૧,૮૮,૫૮૮ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા.

એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૨૯૮૭૫ કુલ કેસ છે. જે પૈકી ૨૪૪ વેન્ટિલેટર પર છે. ૧૨૯૬૩૧ નાગરિકો સ્ટેબલ છે. ૯,૦૫,૮૩૩ નાગરિકો અત્યાર સુધીમાં ડીસ્ચાર્જ થઈ ચુક્યા છે. ૧૦૨૩૦ નાગરિકોનાં અત્યાર સુધીમાં મોત થઈ ચુક્યાં છે. આ ઉપરાંત રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૧૧ ને પ્રથમ ૨૫૬ ને રસીનો બીજો ડોઝ અપાયો છે. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૫૫૪૭ને પ્રથમ ૨૦૪૮૪ ને રસીનો બીજો ડોઝ અપાયો છે. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૨૪૮૪૮ ને પ્રથમ ૫૮૦૨૯ ને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૫-૧૮ વર્ષના નાગરિકો પૈકી ૩૭૩૮૯ રસીના ડોઝ જ્યારે ૪૨૦૨૪ ને પ્રીકોર્શન ડોઝ અપાયો છે. આ પ્રકારે કુલ ૧,૮૮,૫૮૮ રસીના ડોઝ આજના દિવસમાં અપાયા છે. અત્યાર સુધીમાં કુલ ૯,૬૨,૨૮,૩૯૧ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

કોરોના રિકવરી રેટ ઘટીને ૮૬.૬૦ ટકા થયો : એક્ટિવ કેસ રાજ્યમાં કુલ ૧૨૯૮૭૫ કુલ કેસ છે, ૧૨૯૬૩૧ નાગરિકો સ્ટેબલ

રાજ્યમાં ગાઈડલાઈનનુ પાલન નહિ થાય તો કાર્યવાહી થશે : ડીજીપી

કોરોનાએ પોલીસની પણ ઊંઘ ઉડાડી દીધી છે : નેતાના મેળાવડા અંગે પણ DGPનું મોટું નિવેદન આપતા કહ્યુ કે, જ્યારે સંક્રમણ ઓછું હોય તો કાર્યવાહી નથી થતી

ગાંધીનગર,તા.૨૨

આજથી ગુજરાતમાં કોરોનાની નવી ગાઈડલાઈન લાગુ થશે. કોરોનાના ૨૧ હજારથી વધુ કેસોએ સરકારની સાથે પોલીસની પણ ઊંઘ ઉડાડી દીધી છે. ત્યારે ગુજરાતમાં સોશિયલ ડિસ્ટન્સ અને અન્ય નિયમો કડક કરવા જરૂરી બની ગયા છે. આ મામલે ગુજરાતના ડીજીપી આશિષ ભાટિયાએ કહ્યુ કે, કરફ્યૂવાળા શહેરોમાં જો કોઈ ભંગ થશે તો કાર્યવાહી કરવામાં આવશે. લગ્ન પ્રસંગ પર મર્યાદા મામલે ઢૂઁ આશિષ ભાટીયાએ કહ્યું કે, દરેક લગ્નનું રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. લગ્નમાં ગાઈડ લાઈનનું ચુસ્ત રીતે પાલન કરવુ પડશે. તેથી લોકોને અમારી અપીલ છે કે, ૧૫૦ લોકો જ હાજર હોય તે રીતે આયોજન કરો. નિયમોનું પાલન ના કરનાર સામે કાર્યવાહી થશે. રાત્રિ કર્ફ્યૂનો કડકાઈથી અમલીકરણ થશે. રેસ્ટોરન્ટ માટે હોમ ડિલિવરી ૨૪ કલાક ચાલુ રખાશે. બીમારીને રોકવાના આ પગલાને જનતા સહકાર આપે. નેતાઓના મેળાવડા અંગે પણ ઢૂઁ આશિષ

ભાટિયાનું મોટું નિવેદન આપતા કહ્યુ કે, જ્યારે સંક્રમણ ઓછું હોય તો કાર્યવાહી નથી થતી. જ્યારે સંક્રમણ વધારે હોય ત્યારે કાર્યવાહી થાય છે. સંક્રમણ ઓછું હોય ત્યારે પબ્લિક સામે પણ ઓછા પગલાં લેવાય છે.

અંબાજી મંદિર ૩૧મી સુધી દર્શનાર્થીઓ માટે બંધ રહેશે

માઈભક્તો સોશિયલ મીડિયા પર કરી શકશે લાઈવ દર્શન

અંબાજી,તા.૨૨

અમદાવાદ સહિત રાજ્યભરમાં વધતાં જતાં કોરોનાને પગલે રાજ્ય સરકાર દ્વારા આકરા પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. ત્યારે સંક્રમણ વધુ ન ફેલાય તે માટે કેટલાય મોટા મંદિરોએ પણ દર્શન માટે ભક્તોના પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દીધો છે. ત્યારે અંબાજી મંદિરમાં પણ ભક્તો માટે પ્રવેશ દ્વારા બંધ રાખવામાં આવ્યા છે. હાલની પરિસ્થિતિ મુજબ આગામી ૯ દિવસ સુધી અંબાજી મંદિર દર્શન માટે બંધ રહેશે. ગૃહ વિભાગના જાહેરનામા અનુસાર તમામ પ્રકારના રાજકીય સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક તેમજ ધાર્મિક સ્થળોએ ખુલ્લામાં મહત્તમ ૧૫૦ વ્યક્તિઓ એકત્રિત થઈ શકે તેવા નિયંત્રણો મુકવામાં આવ્યા છે. જેથી સમગ્ર પરિસ્થિતિને ધ્યાને લઈ કોરોનાનું સંક્રમણ વધુ ન ફેલાય તે માટે અંબાજી મંદિર, ગબ્બર મંદિર, એકાવન શક્તિપીઠ પરિક્રમાના મંદિરો તેમજ ટ્રસ્ટ હસ્તના પેટા મંદિરો ૨૩મી જાન્યુઆરીથી થી ૩૧મી જાન્યુઆરી સુધી દર્શનાર્થીઓ માટે બંધ રહેશે. આ દરમિયાન સોશિયલ મીડિયાના માધ્યમથી સવાર-સાંજની આરતી લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવશે. જેથી માઈભક્તો ઘરે બેઠા અંબા માના દર્શનનો લાભ લઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને રાખીને તેની સંક્રમણને નિયંત્રણમાં લેવા માટે ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા અપાયેલી સૂચનાઓને ધ્યાનમાં રાખીને કોરોના સંક્રમણને ફેલાતું અટકાવવા ૧૫ જાન્યુઆરીથી ૨૧મી જાન્યુઆરી સુધી અંબાજી મંદિર દર્શનાર્થીઓ માટે બંધ રાખવામાં આવ્યું હતું. પરંતુ કોરોના સંક્રમણ બેકાબૂ હોવાથી આગામી ૯ દિવસ પણ અંબાજી મંદિર બંધ રહેશે તેવો શ્રી આરાસુરી અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે.

ગાંધી આશ્રમનું ડેવલપમેન્ટ સ્ટેચ્યૂ ઓફ યુનિટી જેવુ થશે

અમદાવાદ,તા.૨૨

કેન્દ્ર સરકાર દ્વારા અમદાવાદની વૈશ્વિક ઓળખ એવા ગાંધીઆશ્રમના ડેવલપમેન્ટ માટે ૧૨૪૬ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. આશ્રમના આદર્શો અને ગરીમાના તત્વોને જાળવી રાખી સમગ્ર વિસ્તારને આધુનિક લૂક આપવામાં આવી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આ ડ્રીમ પ્રોજેક્ટ છે. ૫૭ એકર જમીનમાં આશ્રમનું રિડેવલપમેન્ટ થઈ રહ્યું છે. અમદાવાદના ઐતિહાસિક સાબરમતી આશ્રમના રિડેલપમેન્ટ પ્રોજેક્ટમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર આગળ વધી રહી છે. આ પ્રોજેક્ટ ત્રણ વર્ષે પૂર્ણ થાય તેવી શક્યતા જોવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં આ પ્રોજેક્ટ પાછળ ૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે જે પૈકી મોટાભાગનો ખર્ચ પરિવારોના વિસ્થાપિતો માટે કરવામાં આવ્યો છે. સાબરમતી આશ્રમની આસપાસ ૨૭૫ જેટલા પરિવારો રહેતા હતા જે પૈકી ૧૭૦ પરિવારોએ અન્ય વિકલ્પ સ્વીકાર્યા છે. આ પરિવારોના મકાન કે જે વર્ષોથી ટ્રસ્ટના ભાડે ચાલતા હતા તેમને રોકડ રકમના ચેક અથવા જ્યાં મકાન કે ફ્લેટ ખરીદે તેની રકમ ચૂકવવામાં આવી છે. આ વિસ્તારમાં જે મકાન ખાલી થયાં છે ત્યાં હોટલ આશ્રય પાસે ડિમોલિશન શરૂ કરી દેવામાં આવ્યું છે. આશ્રમ પાસે આવેલી ગૌશાળા અને અન્ય જગ્યાએ ખેતરો છે ત્યાં રાણીપ બ્રીજ પાસે નવું બાંધકામ શરૂ કરાશે. આ કામગીરી પાછળ ૨૨૫ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો છે.

અદાણી વિલ્મર લિમિટેડનો આઈપીઓ ૨૭મીએ ખુલશે

રૂ. ૧ની ફેસ વેલ્યુ ધરાવતા ઇક્વિટી શેરદીઠ પ્રાઇસ બેન્ડ રૂ. ૨૧૮ થી રૂ. ૨૩૦ નક્કી થઈ ("ઇક્વિટી શેર્સ")

અદાણી વિલ્મર લિમિટેડ ("કંપની") એની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) ("ઇશ્યૂ")ના સંબંધમાં ૨૭ જાન્યુઆરી, ૨૦૨૨ને ગુરુવારે એની બિડ/ઓફર ખોલશે.

ઈશ્યૂની પ્રાઈસ બેન્ડ રૂ. ૧ ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરદીઠ ("ઈક્વિટી શેર્સ") રૂ. ૨૧૮ થી રૂ. ૨૩૦ નક્કી કરવામાં આવી છે. બિડ લઘુતમ ૬૫ ઈક્વિટી શેરમાં અને પછી ૬૫ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

ઈશ્યૂમાં કંપની દ્વારા રૂ. ૩૬,૦૦૦ મિલિયન સુધીના કુલ ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ સામેલ હશે, જેમાં આરએચપીમાં સૂચિત રીતે ચોક્કસ લાયકાત ધરાવતા કર્મચારીઓને ફાળવણી માટે રૂ. ૧,૦૭૦ મિલિયન સુધીના ઈક્વિટી શેર સામેલ હશે ("એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન") તથા રૂ. ૩,૬૦૦ મિલિયન સુધીના કુલ ઈક્વિટી શેર કંપનીના પ્રમોટર અદાણી એન્ટરપ્રાઈઝીસ લિમિટેડ ("એઈએલ" અને ઈશ્યૂનો આ પ્રકારનો હિસ્સો, "શેરહોલ્ડર રિઝર્વેશન પોર્શન")ના ચોક્સ લાયકાત ધરાવતા શેરધારકોને ફાળવવા માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે. એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન અને શેરહોલ્ડર રિઝર્વેશન પોર્શન સિવાયનો ઈશ્યૂ નેટ ઈશ્યૂ ("નેટ ઈશ્યૂ") છે. ઈક્વિટી શેરદીઠ રૂ. ૨૧નું ડિસ્કાઉન્ટ એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શનમાં બિડ કરનાર લાયકાત ધરાવતા કર્મચારીઓને ઓફર કરવામાં આવ્યું છે અને આ પ્રકારના ડિસ્કાઉન્ટને રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ તારીખ ૧૯ જાન્યુઆરી, ૨૦૨૨ ("આરએચપી")નો ભાગ ગણાશે તથા આરએચપી સાથે સંયુક્તપણે વાંચવું જોઈએ.

બુક બિલ્ડિંગ પ્રોસેસ મારફતે પ્રસ્તુત થયેલી આ ઓફર સીક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન્સ) રુલ્સ, ૧૯૫૭માં થયેલા સુધારા ("એસસીઆરઆર") સાથે નિયમ ૧૯(૨)(બી)ને સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયર્મેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૮માં થયેલા સુધારા ("સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ")ના નિયમન ૩૧ સાથે વાંચીને તથા સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સના નિયમન ૬(૧)નું પાલન કરીને રજૂ કરવામાં આવી છે, જેમાં ઓફરનો મહત્તમ ૫૦ ટકા હિસ્સો સપ્રમાણ આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ ("ક્યુઆઈબી", "ક્યુઆઈબી પોર્શન")ને ફાળવણી માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેમાં શરત એ છે કે, કંપની અને વિક્રેતા શેરધારકો બીઆરએલએમ સાથે ચર્ચા કરીને ક્યુઆઈબી પોર્શનનો ૬૦ ટકા સુધીનો હિસ્સો સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ મુજબ વિવેકાધિન રીતે એકર રોકાણકારોને ફાળવણી શકે છે.

દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસની પરેડમાં

સાબરકાંઠાના પાલ-દઢવાવના આદિવાસી ક્રાંતિવીરોની કથા ઉજાગર કરતો ટેબ્લો

આઝાદીના અમૃત મહોત્સવ પર્વે જલિયાંવાલા બાગ કરતાં પણ ભીષણ ગુજરાતની ઘટના વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરાશે

ગાંધીનગર, તા. ૨૨

ભારત રાષ્ટ્ર આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યું છે ત્યારે ગુજરાત આ વર્ષે ૨૬મી જાન્યુઆરીએ નવી દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસની પરેડમાં ટેબ્લોના માધ્યમથી આઝાદીના સંગ્રામમાં ગુજરાતના આદિવાસીઓના યોગદાનને ઉજાગર કરશે. 'ગુજરાતના આદિવાસી ક્રાંતિવીરો' વિષયક ટેબ્લોમાં ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના પાલ અને દઢવાવ ગામમાં અંગ્રેજોએ જલિયાંવાલા બાગ કરતાં પણ વધુ ભીષણ હત્યાકાંડ સર્જ્યો હતો, જેમાં ૧૨૦૦ જેટલા આદિવાસીઓ શહીદ થયા હતા. અત્યાર સુધી અજાણી રહેલી આ ઐતિહાસિક ઘટનાને ૧૦૦ વર્ષ થઈ રહ્યા છે ત્યારે ગુજરાત સરકાર ટેબ્લોના માધ્યમથી ગુજરાતના આદિવાસીઓની શૌર્યગાથાને વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરશે.

જલિયાંવાલા બાગ કરતાં પણ ભીષણ પાલ-દઢવાવની આ ઐતિહાસિક ઘટના શું છે ?

આજથી ૧૦૦ વર્ષ પહેલાંની આ વાત... તા. ૭ મી માર્ચ ૧૯૨૨. ગુજરાતના અંતરિયાળ વિસ્તાર-સાબરકાંઠા જિલ્લામાં ભીલ આદિવાસીઓની વસ્તીવાળા ગામો પાલ, દઢવાવ, ચિતરીયાના ત્રિભેટે હેર નદીના કાંઠે ભીલ આદિવાસીઓ જમીન મહેસુલ વ્યવસ્થા, જાગીરદારો અને રજવાડાના કાયદાઓનો વિરોધ કરવા મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં એકત્ર થયા હતા.

આદિવાસી બહુમતીવાળા કોલિયારી ગામમાં, વણિક પરિવારમાં જન્મેલા મોતીલાલ તેજાવત કરુણા, આત્મીયતા અને નિર્મળ પ્રેમના ગુણો ધરાવતા સાહસિક અને સ્વાભિમાની વ્યક્તિ હતા. આદિવાસીઓ પર થતા બેસુમાર અત્યાચાર અને શોષણના વિરોધમાં તેમનામાં સંવેદનાની સરવાણી ફૂટી હતી. સત્ય, વફાદારી, સમર્પણ અને વિશ્વાસ જેવા તેમના સદ્‌ગુણો આદિવાસીઓને સ્પર્શી ગયા હતા. આદિવાસી કિસાનોમાં એકતા માટે, તેમનામાં રહેલા સામાજિક દુષણોને નાથવા માટે મોતીલાલ તેજાવતે પ્રયત્નો કર્યા હતા. બ્રિટિશ તંત્ર અને દેશી રજવાડાઓને મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં ભીલ આદિવાસીઓની એકતા અને પ્રવૃત્તિઓ વિઘાતક લાગી હતી.

૧૯૧૯ ની ૧૩મી એપ્રિલે પંજાબના અમૃતસરમાં જલિયાંવાલા બાગમાં ૬૦૦ જેટલા નિર્દોષ નાગરિકોની હત્યા થઈ હતી... ૧૯૨૦ માં કલકત્તામાં પૂ. ગાંધીજીએ અસહકાર આંદોલનની શરૂઆત કરી દીધી હતી. સમગ્ર દેશમાં આઝાદીના સંગ્રામનાની શરૂઆત થઈ ગઈ હતી. ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં, અરવલ્લીની ગિરિમાળાઓમાં ખુમારીભર્યું જીવન જીવતા ભીલ આદિવાસીઓમાં પણ અંગ્રેજો અને સામંતોના શોષણ, આકરા કરવેરા તથા વેઠપ્રથા સામે વિરોધનો સૂર પ્રગટ્યો હતો.

હોળીના દિવસો નજીક હતા... તે દિવસે આમલકી અગિયારસ હતી. 'કોલિયારીના ગાંધી' તરીકે ઓળખાતા મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં આઝાદી ઝંખતા આદિવાસી પ્રજાજનો મેળે મળ્યા હતા, જંગી સભા સ્વરૂપે ભેગા થયા હતા... ત્યાં જ મેવાડ ભીલ કોર્પ્સ (એમ.બી.સી.) નામના બ્રિટિશ અર્ધલશ્કરી દળના હથિયારબંધ જવાનો જરામરાની ટેકરીઓ પર ગોઠવાઈ ગયા. એમ.બી.સી.ના અંગ્રેજ ઓફિસર મેજર એચ.જી. સટર્ને હજજારોની સંખ્યામાં એકત્ર થયેલા આદિવાસીઓ પર ગોળીબાર કરવાનો આદેશ આપ્યો. લગભગ ૧૨૦૦ જેટલા નિર્દોષ આદિવાસીઓ ગોળીએ વીંધાઈ ગયા. આદિવાસીઓના નર્તન અને ઢોલના નાદ મશીનગનમાંથી છૂટથી ગોળીઓના અવાજમાં કાયમ માટે વિલાઈ ગયા... ચોમેર લાશોના ઢગલા ખડકાઈ ગયા. લડાઈના મેદાનની જેમ આખું મેદાન લાશોથી ભરાઈ ગયું હતું. બાજુમાં આવેલા ઢેખડીયા કુવા અને દુધિયા કૂવા ૧૨૦૦ જેટલા નિર્દોષ આદિવાસીઓના મૃતદેહોથી ઉભરાઈ ગયા હતા. મોતીલાલ તેજાવતને પણ બે ગોળી વાગી હતી, તેમના સાથીદારો તેમને ઊંટ પર નાખીને નદી માર્ગે ડુંગરા તરફ લઈ ગયા હતા.

ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા પ્રતિવર્ષ પ્રસ્તુત કરાતા આ ટેબ્લોના નિર્માણમાં સચિવ શ્રીમતી અવંતિકાસિંઘ, માહિતી નિયામક ડી.પી. દેસાઈ અને વિષય નિષ્ણાત, ઈતિહાસકાર-લેખક વિષ્ણુભાઈ પંડ્યાના માર્ગદર્શનમાં પંકજભાઈ મોદી અને નાયબ માહિતી નિયામક હિરેન ભટ્ટ યોગદાન આપી રહ્યા છે. ટેબ્લોનું નિર્માણ સ્માર્ટ ગ્રાફ આર્ટ પ્રાઈવેટ લિમિટેડના સિદ્ધેશ્વર કાનુગા કરી રહ્યા છે.

ભીષણ આગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નામ કમલા છે. ઈજાગ્રસ્ત લોકોને નજીકમાં આવેલી ભાટિયા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી રહ્યા છે. પ્રાથમિક સારવાર પછી બાર લોકોને સામાન્ય વોર્ડમાં શિફ્ટ કરવામાં આવ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે અમુક દર્દીઓની સારવાર આઈસીયુમાં ચાલી રહી છે.

ભારતનું સપનું

● અનુસંધાન પહેલાનું ચાલુ

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, "જે લોકો મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં રહે છે તેઓ આગળ વધવાની ઝંખના ધરાવે છે. આ લોકોએ જીવનનો મોટાભાગનો સમય વંચિતતા, મુશ્કેલીઓમાં વિતાવ્યો છે. તેઓએ દરેક નાની વસ્તુઓ માટે સખત મહેનત કરી છે, તેથી તે લોકો હિંમત બતાવવા અને જોખમ લેવા માટે તૈયાર છે.

૩૦૨ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાનપુર, ચેખલારાણી, સામેત્રી અને હાલીસામાંથી કેસો મળી આવ્યા છે. ગાંધીનગર તાલુકામાં છાલામાં ૧૫, સાદરામાં ૯, અડાલજમાં ૯, રૂપાલમાં ૮, મુબારકપુરમાં ૭, સરઢવમાં ૫, ગીયોડ, ઉવારસદ, પ્રાંતિયામાં ૪-૪ કેસ, કાનપુર, ચંદ્રાલા, ઉનાવા, દંતાલી, માધવગઢમાં ૨-૨ કેસ, સોનારડામાં ૩ કેસ, બી.એસ.એફ.માં ૩, સી.આર.પી.એફ.માં ૩ તેમજ આદરજ મોટી, લવારપુર, મોટા-ચિલોડા, વાસણ, શેરથા, મગોડી, વડોદરા, કસ્તુરીનગરમાં પણ કેસો મળી આવ્યા છે.

માણસા તાલુકામાં આજે માણસા શહેરમાંથી ૧૯, બાપુપુરામાંથી ૩, માણેકપુરમાંથી ૩, ચરાડામાંથી ૨ ઉપરાંત દેલવાડ, આજોલ, પડુસ્મા, ફતેપુરા, પારસા, લોદરા, સોજા, લિંબોદ્રા, વાગોસણા, આમજા, ધોળાકુવા, આનંદપુરા, મંડાલી, હિંમતપુરામાંથી પણ કેસ મળ્યા છે.

કલોલ તાલુકામાં આજે ૧૩૪ કેસ નોંધાયા છે. કલોલ તાલુકામાં વધી રહેલા સંક્રમણે તંત્રની ચિંતા વધારી છે. કલોલ શહેરમાં આજે ૬૯ કેસ નોંધાયા છે. તો સેમી અર્બન વિલેજ બોરીસણામાં ૧૯, ખાત્રજમાં ૭, નારદીપુર-ડિંગુચામાં ૬-૬ કેસ, સઈજમાં ૫ કેસ, રાંચરડામાં ૪ કેસ, મોટી ભોંયણમાં ૪ કેસ, જાસપુરમાં ૨, મહુડીયામાં ૨ કેસ તેમજ પિયજમાં ૨ કેસ ઉપરાંત કરોલી, મોખાસણ, પાનસર, આરસોડિયા, ધમાસણામાં પણ કેસો મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૦૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં રિકવરી રેટ ઘટ્યો હોવાનો આડકતરો એકરાર તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક હજારથી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૩૫૦ જેટલા કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૨૪૮ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

હીમ પડશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લઘુત્તમ પારો ૭ ડિગ્રી સેલ્સિયસથી નીચે ગગડી શકે ઉપરાંત ફેબ્રુઆરીની શરૂઆતમાં પણ વાદળછાયુ હવામાન રહે. ૪ થી ૬ ફેબ્રુઆરીમાં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષાની શક્યતા રહે. ૧૦મી ફેબ્રુઆરી સુધીમાં પણ રાજ્યના ભાગોમાં વાદળછાયુ કવચીત માવઠુ અને ઠંડીનો ચમકારો રહેવાની શક્યતા રહેશે. ઉત્તર સૌરાષ્ટ્રના ભાગોમાં અને કચ્છના ભાગોમાં પણ આકરી ઠંડી રહે. સુરત, વલસાડના ભાગોમાં પણ ઠંડીનો ચમકારો રહે. એટલે જાન્યુઆરી માસના અંત ભાગ સુધીમાં રાજ્યના ભાગોમાં ઠંડીના ચમકારો તેમજ હવામાનમાં વિષમતા રહે. જાન્યુઆરીના અંત ભાગ અને ફેબ્રુઆરી માસમાં હિમ પડવાની ધાસ્તી રહેતાં પાકને બચાવવો તે મહત્વનુ થઈ રહેશે. વિષમ હવામાનની વિપરીત અસર મસાલાના પાક જેવા કે જીરૂ અને શાકભાજીના પાકોમાં વધારે અસર થતી હોય છે. જીરાના પાકમાં રોગ આવવાની શક્યતા રહે, ત્યારે પિયત અંગે ખેડૂત ભાઈઓએ વાતાવરણ જોઈને પિયત આપવુ યોગ્ય રહે. ઘણી વખત વાદળછાયા વાતાવરણમાં પિયત આપવાથી જીરા જેવા પાકમાં રોગ આવવાની શક્યતા પણ રહેતી હોય છે જ્યારે વાદળછાયુ વાતાવરણ ના હોય અને હિમ પડવાની શક્યતા હોય ત્યારે ઉભા કૃષિ પાકોમાં પિયત આપવુ સારૂ રહે. પરંતુ મસાલાના પાક અને શાકભાજી જેવા પાકોમાં પિયત યોગ્ય રીતે આપવુ સારૂ રહે. હવે ઘણા પાકોમાં કાચા દાણા બેસવાની શરૂઆત થઈ ગઈ હશે જેના ઉપર પણ હવામાનની વિપરીત અશર થઈ શકે એટલે પાક સંરક્ષણના પગલા લેવા ઈસ્ટ રહે. કપાસ, દિવેલા જેવા પાકોમાં ખાખરી આવવાની શક્યતા રહેતી હોય છે. મરચા જેવા પાકમાં કોકડવાનો રોગ આવી શકતો હોય છે.

રાકેશ બારોટ, રાજલ બારોટ, જીગ્નેશ કવિરાજને કોરોના

ગુજરાતમાં જાણીતા સિંગરો કોરોનાની ઝપેટમાં

અમદાવાદ,તા.૨૨

કોરોના મહામારીએ ગુજરાતમાં ગંભીર સ્વરૂપ ધારણ તો કર્યુ જ છે, સાથોસાથ તેનો પોઝિટિવિટી રેટ પણ ભયાનક સ્તરે પહોંચી રહ્યો છે. બીજી બાજુ ગુજરાત સરકાર આજે કોરોનાની નવી ગાઈડલાઈની જાહેરાત કરી શકે છે. ત્યારે ગુજરાતના અનેક પ્રખ્યાત સિંગર અને કલાકારોને કોરોનાએ પોતાની ઝપેટમાં લીધા હોવાની માહિતી મળી રહી છે. આ અહેવાલથી તેમના પ્રશંસકોને મોટો ઝટકો લાગ્યો છે. ગુજરાતમાં હવે જાણીતા સિંગરો કોરોનાની ઝપેટમાં આવ્યા છે, તેમાં ગુજરાતી સિંગર રાકેશ બારોટ, રાજલ બારોટ અને જીગ્નેશ કવિરાજ કોરોના સંક્રમિત થયા છે. ત્રણેય કલાકારો ઘરે જ હોમ ક્વોરોન્ટાઈન થયા છે. જ્યારે આ અગાઉ ગુજરાતી એક્ટર હેમાંગ દવે, દીક્ષા જોશી અને ફિલ્મ 'છેલ્લો દિવસલ્લ ફેમ એક્ટર મિત્ર ગઢવી કોરોના પોઝિટિવ આવ્યા હોવાનું સામે આવ્યું હતું. ગુજરાતી સિંગર જીગ્નેશ કવિરાજે પોતાના સોશિયલ મીડિયા પર કોરોનાથી સંક્રમિત થયા હોવાની જાહેરાત કરી છે. જીગ્નેશ કવિરાજે પોસ્ટમાં જણાવ્યું કે મારો ઝ્રદ્દૈઙ્ક ૧૯ રિપોર્ટ પોઝીટિવ આવ્યો છે અને હું અત્યારે હોમ ક્વોરન્ટાઈન છું. મારા સંપર્કમાં આવેલા તમામ લોકો રિપોર્ટ કરાવી લે. કોરોના હજી આપણી વચ્ચેથી ગયો નથી, કોરોનાથી સાવચેતી રાખવી આપણા અને આપણા પરિવાર માટે જરૂરી છે, રાકેશ બારોટે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી શેર કરતાં જણાવ્યું કે તેઓ પણ કોરોના પોઝિટિવ છે. ત્યારે તેમના ચાહકોએ બંને સિંગર જલ્દીથી સાજા થાય, તે માટે પ્રાર્થના કરી છે. અત્રે નોંધનીય છે કે ગુજરાતી એક્ટર હેમાંગ દવેનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેમણે પણ પોસ્ટ શેર કરતા જણાવ્યું કહ્યું હતું કે, મારો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. મહેરબાની કરીને સાવચેત રહો.